**ક્રિમીનલ કેસ નં – 10222-23**

**<u>આંક: ૧ લગત હુકમ</u>**

૧)  આ કેસનું રેકર્ડ વંચાણે લીધુ. સદરહુ કેસ દાખલ થયા બાદ કોર્ટ દવારા આરોપીને પ્રોસેસ કાઢવામાં આવેલ પરંતુ આરોપીને પ્રોસેસ બજેલો નહી અને આરોપી બીજી કોઈ જગ્યાએ રહેવા ચાલ્યા ગયેલ છે અને અરોપી ને કોઈ ઓળખી બતાવતા નથી કે જણાવેલ સરનામે રહેતા નથી તેવા શેરા સમન્સ પર કરવામાં આવેલ અને વગર બજે પરત મોકલેલ છે . વધુમાં આરોપી સામે જે ગુનાનો આરોપ છે તે સમન્સ ટ્રાયેબલ ગુનો છે. વધુમાં આરોપી સામે વખતો વખત પ્રોસેસ કાઢવામાં આવેલ પરંતુ આરોપીને પ્રોસેસ કોઈપણ કારણોસર બજવણી થતી નથી અને આરોપી ના અધુરા સરનામાને કારણે પ્રોસેસ વગર બજયે પરત આવેલ છે જેથી આરોપી સામેની કાર્યવાહી વધુ સમય ચાલુ રાખવી વ્યાજબી જણાતી નથી જેથી ફોજદારી કાર્યવા<u>હી સંહીતાની કલમ –૨૫૮</u> વંચાણે લેતાં હાલના કેસમાં આરોપીઓને પ્રોસેસ બજતો ન હોય આરોપી સામેની કાર્યવાહી સ્થગિત કરવી વ્યાજબી જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ//**

૧)  આ કામના આરોપી ની સામેની કાર્યવાહી **ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૮** અન્વયે સ્થગિત કરવામાં આવે છે અને કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં જો આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તો ફરીયાદપક્ષનો કેસ રી– ઓપન કરાવી શકશે.

૨)  આ કામે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તો અપીલ સમય વિત્યેથી નાશ થવાને પાત્ર મુદ્દામાલનો નાશ કરવો અને કિમતી મુદ્દામાલ હોય તો તેને સરકાર ખાતે ખાલસા કરવો એન જે મુદ્દામાલ વચગાળાની કસ્ટડી તરીકે સોંપવાનો હુકમ કરેલ હોય તેને બીનશરતી રીતે કાયમી કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૯ મી માહે માર્ચ સને ૨૦૨૪ નારોજ મેજીસ્ટ્રેટનીસ્પે.સીટીંગમાં જાહેર કર્યો.

તા.૦૯–૩–૨૦૨૪

**(શ્રીકાંત શર્મા)**
**ત્રીજા એડી સીવીલ જજ**
**અને જયુડી.મેજી.ફ.ક.**
**અમદાવાદ(ગ્રા) નવરંગપુરા**
**કોડ નં– જીજે ૦૧૩૬૭**